# રેડિયો ટેલીસ્વિચ સર્વિસ બંધ કરવી:

## તમારે શું જાણવું જરૂરી છે




આ સિસ્ટમ તેની કાર્યકારી આવરદાની સમાપ્તિ પર પહોંચી ગઇ હોવાથી, **30 જૂન 2025**થી પૂરા ગ્રેટ બ્રિટનમાં રેડિયો ટેલીસ્વિચ સર્વિસ **(RTS)** મીટરનું સિગ્નલ બંધ કરવાનું શરૂ થઇ ગયું છે. **RTS** સિગ્નલ તબક્કાવાર બંધ કરવામાં આવશે, જે એક સમયે મીટરના નાના-નાના સમૂહો પર અસર કરશે. જો તમારા ઘરમાં **RTS** મીટર હોય તો, આ બદલાવ તમારી હીટિંગ અથવા ગરમ પાણીની સપ્લાયમાં અવરોધ પેદા કરી શકે છે, જો તમારૂં મીટર બદલવામાં આવ્યું ન હોય તો.

### રેડિયો ટેલીસ્વિચ સર્વિસ **(RTS)** શું છે?

રેડિયો ટેલીસ્વિચ સર્વિસ (RTS) એક એવી સિસ્ટમ છે જે અમુક જૂના ઇલેક્ટ્રિસિટી મીટરને નિયંત્રિત કરવા માટે લાંબા અંતરના રેડિયો સિગ્નલનો ઉપયોગ કરે છે. તે આ મીટરને ક્યારે પીક અને ઓફ-પીક ઇલેક્ટ્રિસિટી દર વચ્ચે સ્વિચ કરવું એ જણાવે છે, જે ગ્રાહકોને રાતના સમયના સસ્તા શુલ્કનો ફાયદો લેવામાં મદદરૂપ થાય છે. RTS નો ઉપયોગ સામાન્ય રીતે ઘરોમાં ઇલેક્ટ્રિક હીટિંગ અને ગરમ પાણીની સિસ્ટમ માટે કરવામાં આવે છે, જેમ કે સ્ટોરેજ હીટર, પેનલ હીટર અથવા ઇમર્સન હીટર જે સામાન્યતઃ રાતના સમય દરમિયાન ચાર્જ થાય છે.

### બંધ કરવાનો અર્થ શું છે?

તબક્કાવાર બંધ કરવું એ કાળજીપૂર્વક સંચાલન કરવાની એક પ્રક્રિયા છે. RTS સિગ્નલ તબક્કાવાર બંધ કરવામાં આવશે, જે 30 જૂન 2025થી એક સમયે મીટરના નાના-નાના સમૂહો પર અસર કરશે અને આ પ્રક્રિયા તબક્કાવાર ચાલુ રહેશે. તમારા સપ્લાયર તમને તમારા મીટર પર અસર થવાની ચોક્કસ તારીખ જણાવશે. તેના બદલે બીજું મીટર બેસાડવા તમારી અનુકૂળતા મુજબ અપોઇન્ટમેન્ટની ગોઠવણ કરવા માટે હમણાં જ તેમનો સંપર્ક કરો.

### શા માટે **RTS** બંધ કરવામાં આવી રહી છે?

RTS સિસ્ટમ તેની કાર્યકારી આવરદાની સમાપ્તિ પર પહોંચી રહી છે. રેડિયો સિગ્નલ ઉત્પન્ન કરતું ઉપકરણ હવે જૂનું થઇ ગયું છે અને આગળ તેની વિશ્વસનીય રીતે જાળવણી કરી શકાય તેમ નથી. તેના પરિણામે, RTS સિગ્નલને 30 જૂન 25 થી હંમેશને માટે બંધ કરવામાં આવશે.

## જો મારી પાસે **RTS** મીટર હોય તો મારે શું કરવું જરૂરી છે?

તમારા **RTS** મીટરને બદલવા માટે શક્ય તેટલી જલ્દી તમારા ઇલેક્ટ્રિસિટી સપ્લાયર સાથે અપોઇન્ટમેન્ટ બૂક કરો. તમારો સંપર્ક કરવામાં આવે તેની પ્રતિક્ષા કરશો નહી.

અગાઉ તમને મીટર બદલવાની વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવાનું કહેવામાં આવ્યું હોવા છતાં, હવે બધા ઘરો અને વ્યવસાયો માટે નવા ઉકેલો ઉપલબ્ધ છે.

## કેવી રીતે મને જાણ થશે કે મારી પાસે **RTS** મીટર છે કે કેમ?

નીચેની પરિસ્થિતિઓમાં તમારી પાસે **RTS** મીટર હોઇ શકે છે:

- તમારા ઇલેક્ટ્રિસિટી સપ્લાયર તરફથી તમને તમે એક મીટર ધરાવતા હોવાનું દર્શાવતા કોઇ પત્રો, ઈમેલ અથવા કૉલ પ્રાપ્ત થયા હોય
- તમારા મીટરની નજીક “રેડિયો ટેલીસ્વિચ” લેબલવાળુ એક અલગ સ્વિચ બોક્સ હોય
- તમારા ઘરને ઇલેક્ટ્રિસિટી અથવા સ્ટોરેજ હીટરના ઉપયોગથી ગરમ કરવામાં આવતું હોય
- તમારા વિસ્તારમાં ગેસ સપ્લાય ન હોય- જેમાં ગ્રામીણ વિસ્તારો અને બહુમાળી ફ્લેટવાળા ઘરો સમાવિષ્ટ છે
- તમે દિવસના અલગ-અલગ સમયે સસ્તી ઊર્જા મેળવતા હો. તમારા શુલ્ક આ મુજબના હોઇ શકે છે: ઇકોનોમી 7, ઇકોનોમી 10 અથવા ટોટલ હીટ ટોટલ કન્ટ્રોલ

જો તમને તમારી પાસે **RTS** ઉપકરણ છે કે કેમ તેની ખાતરી ન હોય તો, તમારા ઇલેક્ટ્રિસિટી સપ્લાયરનો સંપર્ક કરો. તેઓ તમને પુષ્ટિ કરી આપશે.

## શું હું મારૂં શુલ્ક અત્યારે છે તેટલું જ રાખી શકીશ?

તમારા સપ્લાયર તમને જણાવી શકશે કે તમારા માટે ક્યા શુલ્ક ઉપલબ્ધ છે. તેઓ તમને તમારા ઘરમાં ગરમ પાણી અને/અથવા હીટિંગ સેટ અપ માટે યોગ્ય શુલ્ક આપવાનો પ્રયત્ન કરશે.

## શું મને મારૂં RTS મીટર બદલવાનો કોઇ ખર્ચ આવશે?

મીટર બદલવા માટે સપ્લાયરો તમારી પાસેથી કોઇ ખર્ચ લેશે નહી.

**RTS વિષે વધુ જાણવા માટે, આ QR કોડનો ઉપયોગ કરો:**

**Ofgem:**

## હમણાં જ પગલું લો, મીટર બદલવા માટે એક અપોઇન્ટમેન્ટ બૂક કરો

ofgem Making a positive difference **for energy consumers**